મધ્ય અને ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ

વડોદરામાં ૪ ઇંચ વરસાદ : દક્ષિણ ગુજરાતના વઘઈમાં પાંચ ઇંચથી વધુ વરસાદ ખાબક્યો : સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત બાદ હવે મધ્ય અને ઉત્તર ગુજરાતમાં જોરદાર વરસાદી માહોલ : વધુ એકનું મોત થયું : મૃતાંક વધી ૩૩ ઉપર પહોંચી ગયો

અમદાવાદ, તા.૧૯

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદનું જોર ઘટ્યું છે ત્યારે હવે મધ્ય અને ઉત્તર ગુજરાતમાં જોરદાર વરસાદ પડી રહ્યો છે. મધ્ય ગુજરાતમાં કલાકોના ગાળામાં પાંચ ઇંચથી વધુ વરસાદ ખાબકી ગયો હતો. દક્ષિણ ગુજરાતના વઘઈમાં પાંચ ઇંચથી વધુ વરસાદ ખાબક્યો છે. ડાંગમાં ચાર અને મધ્ય ગુજરાતમાં વડોદરામાં પણ ચાર-ચાર ઇંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે. આવી જ રીતે ડાંગ, આહવા, વઘઈમાં પણ ભારે વરસાદ થયો છે. આણંદ, બોરસદ, મહીસાગર, અન્ય તમામ વિસ્તારોમાં પણ ઉલ્લેખનીય વરસાદ થયો છે. મેઘરાજાએ આજે પોતાનો રૂટ જાણે બદલ્યો હોય એમ મધ્ય ગુજરાતમાં વડોદરા, પાદરા, પંચમહાલ, દાહોદ સહિતના પંથકોમાં આજે ભારે વરસાદ નોંધા હતો, જેમાં વડોદરામાં ગણતરીના કલાકોમાં ચાર ઇંચથી વધુ વરસાદ નોંધાતા શહેર આખું જાણે પાણી-પાણી થઇ ગયું હતું. તો, ઉત્તર ગુજરાતમાં અંબાજી, અરવલ્લીના બાયડ, શામળાજી, પાલનપુર સહિતના પંથકોમાં મેઘરાજાએ જોરદાર પધરામણી કરી હતી. આજે ઘણા લાંબા સમયની રાહ જોવડાવ્યા બાદ આજે મેઘરાજાએ ઉત્તર ગુજરાતના અરવલ્લી, બાયડ, શામળાજી, પાલનપુર સહિતના પંથકોમાં જોરદાર પધરામણી કરી હતી. વરસાદી માહોલને લઇ સ્થાનિક લોકો ખુશખુશાલ બન્યા હતા. તો, મધ્ય ગુજરાતમાં વડોદરા, પાદરા, વાઘોડિયા, ડભોઇ સહિતના પંથકોમાં પણ ધોધમાર વરસાદ પડયો હતો, જેના કારણે વડોદરા અને તેની આસપાસના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઇ ગયા હતા. વડોદરામાં ચાર ઇંચથી વધુ વરસાદ નોંધાતા મોટાભાગના વિસ્તારોમાં થોડા કલાકો માટે જળબંબાકારની સ્થિતિ સર્જાઇ ગઇ હતી. સ્થાનિક નાગરિકો ખાસ કરીને વાહનચાલકો, નાગરિકો ભારે હાલાકીનો ભોગ બન્યા હતા. રાજયમાં હજુ પણ એક નેશનલ હાઇવે અને સાત સ્ટેટ હાઇવે સહિત ૧૧પથી વધુ રસ્તાઓ બંધ છે, જેને લઇ લોકો ભયંકર હાલાકીનો સામનો કરી રહ્યા છે. તો, રાજયમાં ચોમાસાની સીઝનનો કુલ વરસાદ ૬૧.૧૨ ટકા નોંધાયો છે. સીઝનના વરસાદને લઇ અત્યારસુધીમાં ૩૩થી વધુ લોકોના મોત નોંધાયા છે, જયારે ૧૭પથી વધુ પશુધનના મૃત્યુ નીપજયા છે. ભારેથી અતિ ભારે વરસાદને લઇ રાજયના ૧૩૧થી વધુ ડેમોમાં પાણીની નોંધપાત્ર આવક થઇ છે. ખાસ કરીને નર્મદા ડેમની જળસપાટી ૧૧૧.૨૩ મીટરે પહોંચી ગઇ છે. વડોદરાથી પ્રાપ્ત અહેવાલ મુજબ મોડી રાત્રે ભારે વરસાદની શરૂઆત થયા બાદ આજે વરસાદ જારી રહ્યો છે. જેના કારણે તમામ વિસ્તારોમાં પાણી ભરાઇ ગયા છે. વડોદરામાં ટુંકા ગાળામાં જ ચાર ઇંચથી વધારે વરસાદ થઇ ગયો છે. ભારે વરસાદના કારણે સિટી બસ સેવાને બંધ રાખવાની ફરજ પડી રહી છે. સવારમાં ભારે વરસાદના કારણે સ્કુલ જતા બાળકો અને ઓફિસ જતા લોકો અટવાઇ પડયા હતા. વરસાદ સંબંધિત બનાવમાં વધુ એકનું મોત અરવલ્લીમાં આજે થયું હતું. આની સાથે જ મોતનો આંકડો વરસાદ સંબંધિત બનાવોમાં વધીને ૩૩ ઉપર પહોંચ્યો છે. બીજી બાજુ ભારે વરસાદગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે.

ક્યાં કેટલો વરસાદ

સ્થળ	વરસાદ (ઇંચમાં)
વઘઈ	૫ ઇંચથી વધુ
ડાંગ	ચાર ઇંચથી વધુ
વડોદરા	ચાર ઇંચથી વધુ
ધનસુરા	ત્રણ ઇંચથી વધુ
પારડી	અઢી ઇંચથી વધુ
ઉના	બે ઇંચથી વધુ
બોરસદ	બે ઇંચથી વધુ
અંબાજી	ત્રણ ઇંચથી વધુ
સાપુતારા	અઢી ઇંચથી વધુ

પ્રાંતિજને પ્લાસ્ટિક ફ્રી કરવાની વાતો માત્ર કાગળ જ પર

પાલિકાએ નાટયત્મક રીતે માત્ર છ કિલો નોન યુઝ પ્લાસ્ટીક જપ્ત કર્યુ : પાલિકા પ્રમુખ તથા સી.ઓને પ્રાંતિજ પ્લાસ્ટિક મુકત કરવામાં જરાય રસ નથી

પ્રાંતિજ, તા. ૧૯

ગુજરાત રાજય સહિત સાબરકાંઠા જિલ્લામાં હાલ પ્લાસ્ટિક ફ્રી બનાવવાની ઝુંબેશને લઈને જીલ્લાભરમાં મોહિન હાથ ધરવામાં આવી છે. ત્યારે પ્રાંતિજનગર પાલિકા દ્વારા માત્ર કાગળ ઉપર બતાવવામાં પુરતુ જ માત્ર પ્રાંતિજ શહેરમાંથી પ્રતિબંધિત પ્લાસ્ટિક પકડીને સંતોષ માન્યો અને સબ સલામતના ગાણાં ગાતું જોવા મલ્યુ છે.

પ્રાંતિજ નગરપાલિકા દ્વારા પ્રાંતિજ બજારમાં પ્રતિબંધિત પ્લાસ્ટીકનો વેપાર કરતાં વેપારીને છાવરતા હોવાનું જાણવાં મલ્યુ છે. પ્રાંતિજમાં જ જાહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનું જાહેરમાં ધુમ વેચાણ તથા ચલણ છતાં નગરપાલિકાના સત્તાધિશોને પોતાનું હિત હોય તેવા કામો કે કાર્યમાં વધારે રસ છે તો પ્રાંતિજ બજારમાં ઠેર-ઠેર નોનઝોન પ્લાસ્ટીકનુ બે ધડક વેચવા તથા ઉપયોગ થઈ રહ્યો છે. લારી-ગલ્લા શાકભાજી


PRANTIJ NAGARPALIKA-PRANTIJ

રાજેશકુમાર રતિલાલ ટેકવાણી
(ચેરમેન, આરોગ્ય કમિટી, નગરપાલિકા-પ્રાંતિજ)
રહેઠાણ :
"કર્તવ્ય" બડા પોલ, બાલ દરવાજા,
પ્રાંતિજ, જિ. સાબરકાંઠા. ● મો.: ૯૮૨૪૩૩૬૧૪

Rajeshkumar Ratilal Tekwani
(Chairman, Health Department, Nagarpalika,Prantij)
Residence :
'Kartavya, Pada Pole, Laldarwaja,
PRANTIJ, Dist. Sabarkantha • M.: 9824233614

Ref. No.: Date : - -20

પ્રતિ,
ચીફ ઓફીસર સાહેબશ્રી,
નગરપાલિકા-પ્રાંતિજ

વિષય :- પ્રાંતિજ શહેરમાં પ્લાસ્ટીક પર પ્રતિબંધ બાબતે કડક કાર્યવાહી કરવા વિનંતી.

શ્રીમાન ચીફ ઓફીસર સાહેબ,
પ્રાંતિજ શહેરમાં પણ હિમ્મતનગર અને વિજોડાની જેમ પ્લાસ્ટીક પ્રતિબંધ પર કડક પગલા લેવાય તે માટે મારી આપને નમ્ર અરજ છે. ભારત સરકારના ૨૦૦૧ ના નિયમ અનુસાર પ્લાસ્ટીક નિર્ધારણ અંગે ચોવીસમાં ચોવીશી તો નગરપાલિકા પ્રાંતિજ વિસ્તારમાંથી પ્લાસ્ટીક થા ના કય તથા અન્ય ઘડકા કક્ષાની પ્લાસ્ટીક બંધ કરવા બાબતે કાર્યવાહી થાય તેવી વિનંતી.

ચેરમેન
આરોગ્ય સમિતિ
નગરપાલિકા-પ્રાંતિજ

લારીઓ સહિત બજારમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનુ ધુમ વેચાણ તથા યુઝમા લેવાય છે છતાં પાલિકા સત્તાધિશો કોઈજ કાયદાકિય સહિતની કોઈજ કાર્યવાહી કે દંડ પણ કરી શકતા નથી અને ખાલી કાગળો ઉપર લેવા માટે પ્રાંતિજ બજારમાંથી માત્ર છ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક ભેગું કરી જાણે કાગળ કિય સંતોષ માણ્યો હતો. પાલિકા પ્રમુખ કે સી.ઓ. ને પ્રાંતિજ પ્લાસ્ટિક મુક્ત થાય તેમાં કોઈ રસ જ ના હોય તેમ સ્પષ્ટ પણે જણાઈ આવે છે. આ બાબતે નગરપાલિકા કોર્પોરેટર તથા ખુદ આરોગ્ય સમિતિના ચેરમેન રાજેશભાઈ ટેકવાણી દ્વારા તેવોના લેટરપેડ ઉપર લેખિતમાં નગરપાલિકાના ચીફ ઓફિસરને આપ્યા છતાં પ્રાંતિજ પાલિકા દ્વારા કોઈ એકશન લેવામાં આવી નથી. ત્યારે હાલ તો માત્ર સત્તાધિસોના પાપે ખાલી છ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક તથા ૪૦ ચાના ગ્લાસ ઉઘરાવીને કાગળ ઉપર જ પ્રાંતિજ શહેર સંપુર્ણ પ્લાસ્ટિક મુક્ત થયું હોય તેવું જણાઈ આવે છે.

માલપુરના યુવા વેપારીનું અકસ્માતમાં મોત નિપજતા સજ્જડ બંધ રાખી શ્રદ્ધાંજલિ

અરવલ્લી જીલ્લાના માલપુરના યુવાન અને અગ્રણી વેપારી પ્રજ્ઞેશભાઈ પંડ્યાનું બુધવારે બપોરના સુમારે અકસ્માતમાં મોત નિપજતા માલપુર સહીત સમગ્ર પંથકમાં શોકની લાગણી છવાઈ હતી. માલપુર ગામના ધંધાર્થીઓ અને વેપારીઓએ મૃતક યુવાનના માનમાં સ્વયંભૂ ધંધા-રોજગાર સજ્જડ બંધ રાખી મૃતક યુવાનને શ્રદ્ધાંજલિ આપી હતી અને સમૂહમાં રામધૂન બોલાવી મૃતકની આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના યોજવામાં આવી હતી. માલપુર ગામમાં નાના મોટા વેપારીઓ અને ધંધાર્થીઓએ શોકમગ્ન બન્યા હતા.

મોડાસાના મોટી ઈસરોલ પાસે બે ટ્રક વચ્ચે અકસ્માત

બકરા ભરેલી ઉભેલી ટ્રકને પાછળથી અન્ય એક ટ્રકે ટક્કર મારતાં બે બકરાના મોત,૨૦ ઘાયલ

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જિલ્લામાં મોડાસા શામળાજી હાઈવે ઉપર મોડાસાના મોટી ઈસરોલના તળાવ પાસે બે ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતાં બકરાં ભરેલી ટ્રક ખેતરમાં ખાબકી હતી. બે બકરાના મોત થયાં હતાં જ્યારે અન્ય ૨૦ બકરાં ઘાયલ થયાં હતાં. ટ્રકનો ચાલક ટ્રકમાં ફસાઈ જતા ગ્રામલોકોએ ભારે જહેમત બાદ બહાર કાઢ્યો હતો. ઈજાગ્રસ્ત ટ્રક ડ્રાઈવર સહીત અન્ય એક ઈજાગ્રસ્ત વ્યક્તિને ૧૦૮ ઈમરજંસી એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે મોડાસા દવાખાને ખસેડાયા હતા.

આ ઘટનાને લીધે મોડાસા-શામળાજી હાઈવે પર ટ્રાફિકજામ સર્જાયો હતો. જોકે પોલીસે ઘટનાસ્થળે દોડી આવી ટ્રાફીક પૂર્વવત કરાવ્યો હતો. ઝરમર ઝરમર વરસાદ વચ્ચે અહીં બકરાં

ભરેલી ઉભેલી ટ્રકને પાછળથી અન્ય એક ટ્રકે ટક્કર મારતાં આ અકસ્માત સર્જાયો હતો. બનાવની જાણ થતાં મોટી ઈસરોલના ગ્રામજનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ટ્રકમાં ફસાયેલા ટ્રક ચાલકને બહાર કાઢ્યો હતો.

બે ટ્રકો વચ્ચેના અકસ્માતના પગલે મોડાસા શામળાજી હાઈવે ઉપરનો ટ્રાફિક જામ થઈ ગયો હતો. પોલિસે અને સ્થાનિકો દ્વારા જહેમતને લીધે ટ્રાફિક પૂર્વવત થયો હતો. મોડાસા રૂરલ પોલીસે ધોરણસરની વધુ તપાસ હાથ ધરી હતી.

હિંમતનગરમાં એસીબીના સર્ચ બાદ તપાસ મહેસાણા એસીબીને સોંપાઈ

હિંમતનગર, તા. ૧૯

હિંમતનગર સેવા સદનમાં આવેલ અનુસૂચિત જાતિ કચેરી દ્વારા રાજ્ય સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના સહયોગથી અનુસૂચિત જાતિના બેરજાગરો માટે ચલાવાતી રવિદાસ કોશલ્ય વર્ધક યોજનામાં કેટલાક ભૂતિયા નામો રજીસ્ટરમાં બતાવીને સરકારી નાણાંને ચાઉ કરી જવાના કારસા અંગે રાજ્યના લાંચ રૂશ્વત બ્યુરોને મળેલી માહિતી બાદ બુધવારે હિંમતનગર સ્થિત કચેરીમાં સર્ચ ઓપરેશન કરવામાં આવ્યુ હતુ. જેમાં અનેક ગેરરીતીઓ બહાર આવતા તે અંગેની તપાસ ગુરૂવારે મહેસાણા એસીબીને સોંપીને તરત જ આ અંગે હિંમતનગરના એસીબી પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ નોંધ કરાઈ છે.

ત્યારબાદ આ અંગે વધુ તપાસ કરવા માટે તથા કૌભાંડના મૂળ સુધી પહોંચવા માટે તેની તપાસ મહેસાણા એસીબીને સોંપવામાં આવી છે. જે અંગે આગામી ત્રણેક માસ બાદ અહેવાલ આવ્યા પછી જો જરૂર જણાશે તો તે અંગે એસીબી પોલીસ સ્ટેશનમાં જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓ વિરૂદ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવશે. તેમ છતાં ગુરૂવારે નિયમ મુજબ હિંમતનગર એસીબી પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ અરજી આપી દેવામાં આવી હતી.

હિંમતનગરમાં હજયાત્રાએ જનારાઓ માટે તાલીમ શિબિર

હિંમતનગર, તા. ૧૯

ચાલુ વર્ષે હજયાત્રાએ જનારા હાજીઓ માટે આગામી તા. ૨૨ જુલાઈના રોજ હિંમતનગરના દરિયાઈ પાર્કમાં આવેલ જાવેદ-વસીમ મસ્જીદ ખાતે વિના મુલ્યે તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અગ્રણીઓ દ્વારા હાજીઓને સ્થળ પર તાલીમ આપી માહિતગાર કરવામાં આવશે એમ એક યાદીમાં જણાવાયું છે.

મોડાસાના સોનીવાડા વિસ્તારમાં પરણિત પ્રેમી ભગાડીને લાવેલ યુવતીની આત્મહત્યા

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના સર્વોદયનગર વિસ્તારમાં રહેતી ૧૯ વર્ષીય યુવતીને નજીકમાં રહેતા પરણીત યુવકે પ્રેમ સંબંધ બાંધી ૬ મહિના અગાઉ લગ્ન કરવાની લાલચ આપી ભગાડી લઈ જઈ મોડાસા સોનીવાડા વિસ્તારમાં ગોંધી રાખી શારીરિક સંબંધો બાંધી માનસિક ત્રાસ આપતા અને યુવતીની લગ્નની માંગણીને ટલ્લે ચડાવતા આખરે પરણીત યુવકે પ્રેમમાં દગો દીધો હોવાનું લાગી આવતા ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી હતી. યુવતીના પરિવારજનોએ ભગાડી જનાર યુવકે મારીને લટકાવી દીધી હોવાનો સનસનાટીભર્યો આક્ષેપ કર્યો હતો. સમગ્ર ઘટનાની જાણ મોડાસા ટાઉન પોલીસને થતા ઘટનાસ્થળે પહોંચી યુવતીની લાશને પીએમ માટે ખસેડી પરણીત યુવક સામે શારીરિક માનસિક ત્રાસ આપી દુષ્પ્રેરણાનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસાના સર્વોદયનગર વિસ્તારમાં રહેતી ૧૯ વર્ષીય યુવતીને પરણીત યુવકના પ્રેમમાં પડતા અને વિશ્વાસ મુકવો ભારે પડતા પરણીત યુવકે વિશ્વાસઘાત કરતા આત્મહત્યા કરી ફાની દુનિયાને અલવિદા કરી લેતા ચકચાર મચી હતી. મોડાસાના સર્વોદયનગર (ડુંગરી) વિસ્તારમાં રહેતી કાજલ બાબુભાઈ થોરીને

નજીકમાં રહેતા ૩ બાળકોના પિતા ભાવેશ રામાભાઈ સલાટ સાથે આંખ મળી જતા પ્રેમ સંબંધ બંધાયો હતો. પરણીત યુવક ૬ મહિના અગાઉ લગ્નની લાલચ આપી ભગાડી લઈ ગયો હતો અને મોડાસાના સોનીવાડા વિસ્તારમાં યુવતીને ગોંધી રાખી શારીરિક સંબંધ બાંધી લગ્ન નહિ કરતા માનસિક અને શારીરિક ત્રાસ અપાતા યુવતીએ આખરે કંટાળી બુધવારે રાત્રીના સુમારે ઘરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી હતી. યુવતીએ આત્મહત્યા કરી લેવાની ઘટનાની જાણ મોડાસા ટાઉન પોલીસ થતા ઘટનાસ્થળે પહોંચી યુવતીના પરિવારજનોને જાણ કરતા પરિવારજનો અને સમાજના લોકો મોટી સંખ્યામાં ધસી આવ્યા હતા. યુવતીના પરિવારજનોએ યુવતીને યુવકે હત્યા કરી લટકાવી દીધી હોવાનો આક્ષેપ કરતા હડકંપ મચ્યો હતો. મોડાસા ટાઉન પોલીસે મૃતક યુવતીની લાશનો કબ્જો લઈ પીએમ માટે ખસેડી યુવતીના પિતા બાબુભાઈ રામસીભાઈ થોરી (રહે. સર્વોદયનાગર, મોડાસા)ની ફરિયાદના આધારે ભાવેશ રામાભાઈ સલાટ (સલાટવાસ સર્વોદયનગર, મોડાસા) વિરુદ્ધ ઈપીકો કલમ ૩૦૬, ૪૯૮(ક) મુજબ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

અગ્નિપરીક્ષા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ટીડીપીએ અન્ય તમામ પાર્ટીઓને તેના પ્રસ્તાવના સમર્થનમાં વાત કરવા કહ્યું છે. આ ફ્લોર ટેસ્ટ વિરોધ પક્ષો માટે પોતાની એકતા દર્શાવવા માટેની તક છે. સરકારની નિષ્ફળતાઓને ગણાવીને પ્રહારો કરી રજૂઆત કરવાના પ્રયાસો કરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સંસદના મોનસુન સત્રના પ્રથમ દિવસે લોકસભા અધ્યક્ષ સુમિત્રા મહાજને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર સામે અવિશ્વાસની દરખાસ્તને સ્વીકારી લીધી હતી. ૧૫ વર્ષમાં પ્રથમ વખત સરકાર સામે અવિશ્વાસ દરખાસ્ત લાવવામાં આવી રહી છે. કોંગ્રેસ, તેલુગુદેશમ પાર્ટી અને શરદ પવારના નેતૃત્વમાં એનસીપી દ્વારા લાવવામાં આવેલી આ દરખાસ્તને લોકસભા અધ્યક્ષ સુમિત્રા મહાજને સ્વીકારી લીધા બાદ આવતીકાલે આના ઉપર ચર્ચા થશે. મોદી સરકારની સામે આ પ્રથમ અવિશ્વાસ દરખાસ્ત છે. અલબત્ત નંબર ગેમના મામલામાં કોઈ તકલીફ નથી અને એનડીએ સરકાર સામે કોઈ સંકટ પણ નથી. એનડીએની પાસે લોકસભાના ૩૧૨ સભ્યો છે. ટીડીપીના કે શ્રીનિવાસે સરકાર સામે અવિશ્વાસ દરખાસ્ત રજૂ કરી હતી. સંસદનુ મોનસુન સત્ર ગઈકાલે શરૂ થયું હતું.

આ સત્ર તોફાની બનવાના સાફ સંકેતો દેખાઈ રહ્યા છે. એકબાજુ વિરોધ પક્ષ જમ્મુ કાશ્મીરમાં હાલમાં પ્રવર્તી રહેલી સ્થિતી, ખેડુતોની સમસ્યા, બેરોજગારી અને દલિતો પર અત્યાચારના મુદ્દા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારને ભીંસમાં લેવા માટે લડાયક છે. મોદી સરકાર સત્રમાં ત્રિપલ તલાક સહિતના મુદ્દા પર બિલને પસાર કરવા માટે ઈચ્છુક છે.

ત્રીજુ સ્થાન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આવ્યો છે, જ્યારે ૨૦૦૯ માં ઉદયપુરે ૨૦૦૯ના સર્વેમાં ટોચનું સ્થાન હાંસલ કર્યું હતું અને તેને 'મુલાકાત લેવા માટે શ્રેષ્ઠ શહેર' તરીકેનું બિરુદ માંડ્યું હતું.

બન્ને સિટી ઓફ લેક્સ અને પૂર્વના વેનિસ તરીકે ઓળખાય છે, ઉદયપુર દક્ષિણ રાજસ્થાનના તળાવ પિકોલાના કાંઠે એક અદભૂત સ્થાન છે. તેના લક્ઝ્રાભર્યા દૃશ્યાવલિ, ભવ્ય મહેલો, વિશ્વ કક્ષાની સંગ્રહાલયો અને વૈભવી હોટલ માટે જાણીતા, ઉદયપુર ઈતિહાસમાં ઢંકાયેલો છે. ઉદયપુર મેવાડના મહારાણાના ક્રમિક પેઢીઓનું ઘર છે.

હિલચાલ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આવ્યુ છે. વર્ષ ૨૦૧૭માં પણ અમરનાથ શ્રદ્ધાળુઓને ટાર્ગેટ બનાવીને ત્રાસવાદીઓએ હુમલો કર્યો હતો. જેમાં છ મહિલા સહિત ૧૦ શ્રદ્ધાળુઓના મોત થયા હતા. એ વખતે લશ્કરે તોયબાના ત્રાસવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૦૧માં ત્રાસવાદીઓએ શેષનાગમાં હુમલો કરવામાં આવ્યો હતો. પવિત્ર ગુફાની નજીક હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં ૧૩ લોકોના મોત થયા હતા. તે પહેલા પહેલગામ વિસ્તારમાં ત્રાસવાદીઓ દ્વારા ભીષણ હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં ૩૦ લોકોના મોત થયા હતા. સામાન્ય રીતે અમરનાથ શ્રદ્ધાળુઓને ટાર્ગેટ બનાવીને હુમલા કરવામાં આવતા રહ્યા છે. અમરનાથ યાત્રા હાલમાં શાંતિપૂર્ણ માહોલમાં ચાલી રહી છે. જમ્મુ કાશ્મીરમાં અમરનાથ યાત્રા હાલમાં ચાલી રહી છે ત્યારે હુમલાને લઈને જારી કરવામાં આવેલી બાબત બાદ સુરક્ષા મજબૂત કરવામાં આવી છે.

અન્ડરપાસ રોડ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સંદર્ભે માર્ગ-મકાન વિભાગને અભ્યાસ કરવા અને સહભાગીદારીથી તે બનાવવા માટે જણાવવા અને સમગ્ર પ્રશ્ન અંગે સરકાર સાથે સુયોગ્ય સંકલનમાં રહી આગળ વધવા ઔડાના મુખ્ય કારોબારી અધિકારીને સત્તા આપવામાં આવી છે.

બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ અંગેનો અભ્યાસ ટુંક જ સમયમાં પૂર્ણ થશે અને તે બાબતે પહેલાં ઔડાની બોર્ડ બેઠકમાં તેના તારણો મુકાશે આ પછી રાજ્ય સરકારને દરખાસ્ત કરી આખરી નિર્ણય લેવામાં આવશે.

તોળાતુ સંકટ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જરૂરી ચીજવસ્તુઓ મેળવવામાં લોકો ભારે હાલાકીનો ભોગ બની રહ્યા છે, કેટલાક પૂરગ્રસ્ત વિસ્તારો તો હજુ પણ એવા છે કે, જયાં તંત્રનું કોઈ માણસ ત્યાં ફરકયું નથી., જેને લઈ લોકોમાં ભારોભાર નારાજગી અને આક્રોશ પ્રવર્તી રહ્યો છે. ગુજરાત રાજયમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના પંથકોમાં આજે મેઘરાજાએ આઠ-નવ દિવસની ધમાકેદાર ઈનીંગ બાદ આજે કંઈક અંશે વિરામ લીધો હતો અને મોટાભાગના વિસ્તારોમાં વરસાદનું જોર ઘટયુ હતુ.

મેઘરાજાએ પોરો ખાતાં અને વરસાદી જોર ઘટતાં પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી હવે ધીરે ધીરે વરસાદના અને પૂરના પાણી ઓસરી રહ્યા છે. જો કે, જેમ જેમ પાણી ઓસરી રહ્યા છે તેમ તેમ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર પંથકના વિસ્તારોમાં તબાહી અને તારાજીના ખતરનાક દ્રશ્યો સામે આવી રહ્યા છે. જો કે, હજુ પણ ગીર-સોમનાથના માણેકપુર, મેઘર સહિતના પંથકો, પોરબંદરના ઘેડ, જૂનાગઢના માણાવદર, કોડિનાર, ગીર સહિતના પંથકો તો, દક્ષિણ ગુજરાતમાં સુરતના ઓલપાડ, ઉના, ડાંગ, વઘઈ સહિતના પંથકોમાં હજુ પણ વરસાદી પાણી ભરાયેલા છે.

૧૯ જળાશયો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પોરબંદરનું અમીરપુર અને તાપીનું દોસવાડા જળાશય સંપૂર્ણ તેમજ રાજકોટનું મોતીસર, ભરૂચનું ઢોળી, જામનગરનું કંકાવટી, જૂનાગઢનું અંબાજલ અને ઓઝત-૨, તેમજ ગિર-સોમનાથનું હિરણ-૨ જળાશય ૯૦ ટકાથી વધુ ભરાતા કુલ ૧૯ જળાશયો હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ગિર-સોમનાથ જિલ્લાનું રાવલ અને શિંગોડા રાજકોટનું ભાદર-૨ અને ફોફલ-૨, અમરેલીનું સંકોલી મળી કુલ ૦૫ જળાશયો હાઈ એલર્ટ જાહેર કરાયા છે. જ્યારે અન્ય ૧૩ ડેમો માટે ચેવતણી આપવામાં આવી છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

દૂધ ઉત્પાદકોને ભાવફેરની રકમ ક્યારે ચૂકવાશે : દૂધ ઉત્પાદકો રાહ જોઈ રહ્યા છે

હિંમતનગર, તા. ૧૯

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના દૂધ ઉત્પાદકોને દર વર્ષે ભાવફેર પેટે કરોડો રૂપીયા સાબરડેરીના માધ્યમથી ચૂકવવામાં આવે છે. ત્યારે આ વર્ષે દૂધની બનાવટોમાં વૈશ્વિક મંદીને કારણે દૂધ તથા તેની બનાવટોના ભાવમાં થયેલા ઘટાડાને લીધે દૂધ ઉત્પાદકોને નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. ત્યારે ડેરીના નિયામક મંડળે કપરી પરિસ્થિતિમાં ૬.૫ ટકા ભાવફેર આપવાની કરાયેલી જાહેરાત બાદ હજુ પણ દૂધ ઉત્પાદકોને તે રકમ ચૂકવવામાં આવી ન હોવાને કારણે દૂધ ઉત્પાદકો ઉચાટમાં મુકાઈ ગયા છે.

આ અંગે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના મળી અંદાજે ૧.૨૦ લાખથી વધુ દૂધ ઉત્પાદકો દરરોજ સવારે અને સાંજે લાખો લીટર દૂધ સ્થાનિક મંડળીઓમાં ભરાવીને સાબરડેરીમાં મોકલી આપે છે. જ્યાંથી અમુલ અને ફેડરેશનની સુચના મુજબ કાચા દૂધનો વિવિધ રાજ્યોમાં તથા અન્ય મોટી ડેરીઓમાં મોકલી આપ્યા બાદ બાકી રહેલા દૂધમાંથી વિવિધ બનાવટો બનાવીને તેનો આરબના દેશો તથા બાંગ્લાદેશમાં વેચાણ માટે મોકલી આપવામાં આવે છે. પરંતુ વૈશ્વિક મંદીને કારણે ખાસ કરીને પાવડરનું વેચાણ ન થતા તેની સીધી અસર દૂધ ઉત્પાદકો પર પડી છે. જેના કારણે આ વર્ષે બંને જિલ્લાના દૂધ ઉત્પાદકોને અગાઉના વર્ષો કરતા સાડા ત્રણ ટકા ભાવ ફેર ઓછો મળવાનો છે.

પરંતુ અગાઉના વર્ષોની જેમ દૂધ ઉત્પાદકોને ભાવફેરની આ રકમ જુલાઈના બીજા અથવા ત્રીજા અઠવાડીયામાં સ્થાનિક ડેરીઓમાં મોકલી દૂધ ઉત્પાદકોને ચૂકવવામાં આવતી હતી પરંતુ આ વર્ષે આ બાબતે ઉભા થયેલા વિવાદને લઈને ડેરીની કસ્ટોડીયન કમિટી જોખમ ઉઠાવવા માગતી ન હોય તેમ હજુ સુધી ભાવફેર ક્યારે ચુકવાશે તે અંગે કોઈ જાહેરાત કરીને ફોડ પાડ્યો નથી. સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરડેરી દૂધ ઉત્પાદકોને ભાવફેરની રકમ ચૂકવતા અગાઉ તે માટે ડેરીની સાધારણ સભામાં મંજૂરી લેવી જરૂરી હોવાથી કદાચ આ ભાવફેર નહી ચૂકવાયો હોય તેમ દૂધ ઉત્પાદકો માને છે. તેમ છતા એવુ લાગે છે કે જુલાઈના અંત સુધીમાં ભાવફેર ક્યારે ચૂકવાશે તે ખબર પડી જશે.

સાધારણ સભા ક્યારે મળશે ?

રાજ્ય સરકાર દ્વારા સહકારી કાયદાઓમાં કરેલા ફેરફાર બાદ સહકારી સંસ્થાઓની સામાન્ય સભા તા. ૩૦ સપ્ટેમ્બર સુધીમાં બોલાવી શકાશે તેવી કરેલી જોગવાઈને લીધે હજુ સુધી સાબરડેરીની સાધારણ સભા ક્યારે મળશે તેની જાહેરાત કરાઈ નથી. પરંતુ શનિવાર તા. ૨૧ જુલાઈના રોજ સાબરડેરી ખાતે મળનારી કસ્ટોડીયન કમિટીની બેઠકમાં ચર્ચા કરાયા બાદ ભાવફેરની ચૂકવણી અને સાધારણ સભાની તારીખ નક્કી કરાશે તેમ સૂત્રોમાંથી જણાવાયુ છે.

પાલનપુર રેલ્વે સ્ટેશન વિસ્તારમાંથી યુવકનો મૃતદેહ મળ્યો

પાલનપુર રેલવે સ્ટેશન વિસ્તારમાંથી ગત સવારે એક યુવકનો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી જવા પામી છે. પ્રાપ્ત વિગતો મુજબ શહેરના રેલવે સ્ટેશન વિસ્તારમાં યુવકનો મૃતદેહ પડયો હોવાની જાણ થતાં લોકોનું ટોળુ એકત્ર થઈ ગયું હ